ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ - વડિયા મુકામે ખેડૂતો માટે પ્રેરણા પ્રવાસ યોજાયો

કુલ ૬૦ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત લીધી

અમરેલી:

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ-અમરેલી દ્વારા વડિયા મુકામે ખેડૂતો માટે પ્રેરણા પ્રવાસ યોજાયો હતો. આ પ્રવાસનું આયોજન પ્રાકૃતિક મોડેલ ફાર્મ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦ જેટલા ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત કરી હતી.

આત્મા પ્રોજેક્ટ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિષયક માહિતી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે તે માટે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ સતત પ્રયત્નશીલ છે.

જિલ્લાની અંદર પ્રેરણા પ્રવાસ અન્વયે પ્રાકૃતિક બોર્ડના માસ્ટર ટ્રેનર અને તાલુકા પ્રોજેક્ટ મેનેજર પણ ઉપસ્થિત રહ્યા હતા.

અગમચેતી એ જ સલામતી:કમોસમી વરસાદની આગાહી અંતર્ગત ખેડૂતોને જરૂરી તકેદારી રાખવા અનુરોધ

અમરેલી:હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાત રાજ્યના કચ્છ, બનાસકાંઠા, પાટણ, જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

આ સંજોગોમાં વાદળછાયું વાતાવરણ તથા સંભવિત વરસાદને કારણે પાકને નુકસાન થવાની શક્યતા હોવાથી રાજ્યના ખેડૂત મિત્રોને પાક સંરક્ષણ માટે આગોતરી તકેદારી રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે. ખેતરમાં કાપણી કરેલ અથવા ખુલ્લામાં રહેલ ખેત ઉત્પાદનને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવા અથવા પ્લાસ્ટિક કે તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવા તેમજ ઢગલાની આસપાસ માટીનાં પાળા બનાવી વરસાદી પાણી ઢગલાની નીચે

ન જાય તે રીતે વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે.

આ સમયગાળા દરમિયાન જંતુનાશક દવાઓ તથા ખાતરનો ઉપયોગ ટાળવા તેમજ ખાતર અને બિયારણનો જથ્થો પલળી ન જાય તે રીતે સુરક્ષિત સ્થળે સંગ્રહિત રાખવા અનુરોધ કરવામાં આવે છે. સાથે જ એ.પી.એમ.સી.માં વેપારી તથા ખેડૂત મિત્રોએ આગોતરા સાવચેતી રાખી અનાજ અને ખેત પેદાશોને ઢાંકીને અથવા શેડ હેઠળ સુરક્ષિત રાખવા જણાવાયું છે. સંભવ હોય ત્યાં સુધી આ દિવસોમાં એ.પી.એમ.સી.માં વેચાણ અર્થે પેદાશ લાવવાનું ટાળવા અથવા સંપૂર્ણ સુરક્ષા સાથે લાવવાની સૂચના આપવામાં આવે છે.

આ અંગે વધુ માહિતી માટે આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક (તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, નાયબ ખેતી નિયામકશ્રી (તાલીમ), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (દ્રાક્ષ) અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૮૦ ૧૫૫૧ પર સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

બાબરાના ધરાઈ- મોણપુર માર્ગના નવીનીકરણ બાદ સાઈડ પુરાઈ નથી

બાબરા:બાબરાના ધરાઈથી મોણપુર ગામને જોડતા માર્ગ માટે ગ્રામજનોએ વર્ષો સુધી રજૂઆતો કરી હતી. લાંબા સમયની માંગણી બાદ આખરે નવો પેવર રોડ બનાવવામાં આવ્યો છે. જો કે આ નવો માર્ગ સુવિધા લાવવાને બદલે હાલ વાહન ચાલકો માટે જોખમી બન્યો છે. અહી રસ્તાની બંને સાઈડ પુરવામાં આવી નથી.

જેના કારણે રોડની બંને બાજુએ ડામરનો ઊંચો થર રાખી દેવામાં આવ્યા છે. રોડની સાઈડમાં યોગ્ય માટી પુરાણ કે લેવલિંગ કરવામાં ન આવતા રસ્તો ઊંચો થઈ ગયો છે. જેના કારણે ટુ-વ્હીલર અને નાના વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. સામેથી મોટું વાહન આવતું હોય ત્યારે તેને સાઈડ આપતી સમયે અકસ્માતનો ભય સતાવી રહ્યો છે.

રાત્રીના સમયે રોડની ધારનો ચોક્કસ અંદાજ આવતો નથી. જે સીધું જ અકસ્માતને આમંત્રણ આપી રહ્યું છે. કરોડોના ખર્ચે રોડ તો બન્યો પણ તંત્રની બેદરકારીને કારણે તે જોખમી બન્યો છે. ધરાઈ-મોણપુર માર્ગની બંને બાજુની સાઈડને તાત્કાલિક ધોરણે યોગ્ય રીતે પુરવામાં આવે તેવી ગ્રામજનોમાં માંગણી ઉઠી છે.

રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ:જિલ્લામાં તા.૩૦ જાન્યુઆરીથી 'સ્પર્શ' લેપ્રેસી જનજાગૃત્તિ અભિયાન

ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ખાસ ગ્રામસભા યોજાશે : જનજાગૃત્તિ અર્થે શાળા કક્ષાએ વિવિધ સ્પર્ધાઓનું આયોજન

અમરેલી:રક્તપિત્ત પૂર્વજન્મના પાપ કે શાપનું ફળ નથી કે, તે વારસાગત નથી. કોઈપણ બાળક રક્તપિત્ત રોગ સાથે જન્મતું નથી. રક્તપિત્ત એ અન્ય ચેપી રોગોની જેમ જંતુ (બેક્ટેરિયાથી) ફેલાતો રોગ છે, તે કોઈપણ તબક્કે મટાડી શકાય છે. રક્તપિત્ત સમસ્યા ફક્ત તબીબી પ્રશ્ન નથી પરંતુ રક્તપિત્તના દર્દી પ્રત્યેની સૂગને પરિણામે તે એક સામાજિક, આર્થિક, અને મનોવૈજ્ઞાનિક સમસ્યા બની છે. રક્તપિત્ત માઈક્રોબેક્ટેરિઅલ લેપ્રસી નામના સૂક્ષ્મ જીવાણુથી થતો રોગ છે. તેની સમયસર સારવાર કરવી અત્યંત જરૂરી છે.

"રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન" કાર્યક્રમ અંતર્ગત સમગ્ર જિલ્લામાં ગ્રામ્ય અને શહેરી

વિસ્તારોને આવરી લઈ આગામી તા.૩૦ જાન્યુઆરીથી 'સ્પર્શ' રક્તપિત્ત નિર્મૂલન જાગૃત્તિ કાર્યક્રમ (લેપ્રસી અવેરનેસ કેમ્પેઈન) યોજાશે.

આ અભિયાનના સુચારું આયોજન અર્થે અમરેલી જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ રક્તપિત્ત હોવા અંગેની તપાસ, (લેપ્રસી ડિટેક્શન), નિદાન, સારવાર પર વધુ ભાર આપવામાં આવેતે બાબતે સૂચનાઓ આપી હતી.

ઉલ્લેખનીય છે કે, જનજાગૃત્તિ અભિયાન દરમિયાન શાળા કક્ષાએ ચિત્ર સહિતની સ્પર્ધાઓમાં માધ્યમથી ઉપરાંત પોસ્ટર, સ્લોગન અને રેલીના માધ્યમથી જાગૃત્તિ વધારવામાં આવશે. વર્ષ ૨૦૨૬ની થીમ – "Ending Discrimination, Ensuring Dignity" રાખવામાં આવી છે.

'સ્પર્શ' રક્તપિત્ત નિર્મૂલન જાગૃત્તિ કાર્યક્રમ અભિયાનની જિલ્લા કો-ઓર્ડિનેશન સમિતિની બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી સહિત તમામ સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સનાતન ધર્મ શાશ્વત અને સર્વવ્યાપક છે:પૂજ્ય મોરારીબાપૂ

નવી દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ વિશ્વ શાંતિ કેન્દ્ર મિશન માટે એક મહિનાના વેતનની રકમ અર્પણ કરવાની જાહેરાત કરી

અમરેલી:ભારતની રાજધાની નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વિશ્વ શાંતિ મિશન માટે પૂજ્ય મોરારી બાપૂ દ્વારા ચાલી રહેલી નવદિવસીય રામકથામાં ભાગ લેતા દિલ્હી રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી રેખા ગુપ્તાએ જણાવ્યું કે અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્ર દ્વારા આયોજિત આ રામકથામાં જોડાવાનો અવસર તેમને મળ્યો તે ગૌરવની વાત છે. પૂજ્ય મોરારી બાપૂજીની રામકથા સેવા, કરુણા અને રાષ્ટ્રના નૈતિક સંસ્કારોનો સંદેશ આપે છે.

પરમ પૂજ્ય આચાર્ય લોકેશ મુનિજીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમ ભારતીય સાંસ્કૃતિક ચેતના અને અહિંસાની પરંપરાને વધુ મજબૂત બનાવે છે. આ સંસ્થાઓ દ્વારા સતત કરવામાં આવતા સેવા અને લોકકલ્યાણના કાર્યોમાંથી પ્રેરણા લઈને મુખ્યમંત્રીએ વિશ્વ શાંતિ કેન્દ્ર મિશન માટે પોતાની એક મહિનાની વેતનરાશિ અર્પણ કરવાની

જાહેરાત કરી, જેને તેમણે સામાજિક દાયિત્વ અને માનવ મૂલ્યો પ્રત્યેની પોતાની નમ્ર ભાગીદારી તરીકે વર્ણવી.આ અવસર પર પૂર્વ રાષ્ટ્રપતિ તથા આયોજન સમિતિના અધ્યક્ષ રામનાથ કોવિંદજીએ જણાવ્યું કે મુખ્યમંત્રી દ્વારા વિશ્વ શાંતિ કેન્દ્ર મિશન માટે એક મહિનાનું વેતન અર્પણ કરવું ખરેખર પ્રેરક ઉદાહરણ છે. વિશ્વ શાંતિ મિશન માટે આયોજિત આ રામકથા આધ્યાત્મિક ચેતનાની સાથે-સાથે સામાજિક જાગૃતિનું પણ શક્તિશાળી માધ્યમ બની છે.

તે પહેલાં રામકથાના છઠ્ઠા દિવસે પૂજ્ય મોરારી બાપૂએ અમેરિકા, બ્રિટેન, કેનેડા તેમજ ભારતના અનેક રાજ્યોમાંથી આવેલા ઉત્સાહી શ્રદ્ધાળુઓને સંબોધન કરતાં જણાવ્યું કે સનાતન ધર્મ શાશ્વત અને સર્વવ્યાપક છે. તેમણે જૈન આચાર્ય લોકેશજીને વ્યાસપીઠ પર આમંત્રિત કરી પોતાના સ્નેહસભર આશીર્વાદ આપ્યા અને મુખ્યમંત્રી દ્વારા યમુના નદીની વહેલી તકે સફાઈ કરવાનો સંકલ્પ વ્યક્ત કરાયો તે અંગે પ્રસન્નતા વ્યક્ત કરી.

આ પ્રસંગે લોકમત મીડિયા ગ્રુપના ચેરમેન વિજય દરડા, સાંસદ મનોજ તિવારી, આચાર્ય પુંડરિક ગોસ્વામી, યુવાચાર્ય અભયદાસ, ચિન્મય બાપૂ તથા કર્નલ ટી.પી. ત્યાગીએ પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા.

લાઠીના એલ.બી. ધોળીયાનું ગાંધીનગરમાં સન્માન

વન મંત્રીએ વૃક્ષારોપણ કાર્ય બદલ મોમેન્ટો આપી બહુમાન કર્યું

અમરેલી:ગુજરાત સરકારના વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે ગાંધીનગર ખાતે એક સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે અનેક ધારાસભ્યો અને વન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ સન્માન લાઠીના લાલજીભાઈ બેચરભાઈ ધોળીયા (એલ.બી. ધોળીયા) ને વૃક્ષારોપણ અને તેના ઉછેરના ભગીરથ કાર્ય બદલ આપવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૨માં કલાપી નગર લાઠી ખાતે પૂજ્ય મોરારીબાપુની રામકથા 'માનસ-શંકર'નું આયોજન લાઠીના ઉદ્યોગપતિ શ્રી ઘનશ્યામભાઈ શંકર અને તેમના પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કથા દરમિયાન સાહિત્યિક, સાંસ્કૃતિક, સામાજિક, પર્યાવરણ અને સ્વરોજગાર સહિત અનેક

પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. સદભાવના વૃદ્ધાશ્રમના માધ્યમથી લાઠી અને આસપાસના તમામ રસ્તાઓ પર વડ, પીપળો, લીમડો જેવા દેશી કુળના ૭૦૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આજે આ વૃક્ષો સુંદર રીતે ઉછરીને ઘટાટોપ બન્યા છે, જેનાથી લાઠી પંથક નંદનવન જેવું બન્યું છે.

ઘનશ્યામભાઈ શંકરની અંગત દેખરેખ હેઠળ એક ટીમ તૈયાર કરવામાં આવી હતી, જેમાં એલ.બી. ધોળીયા અને તેમના મિત્રોએ દરેક વૃક્ષને યોગ્ય ખાતર-પાણી મળી રહે અને તેનો બરાબર ઉછેર થાય તે માટે માનદ સેવા આપી હતી.

ગુજરાત સરકારે આ સ્વયંસેવકોની સેવા અને પર્યાવરણના આ કાર્યની વિશેષ નોંધ લીધી હતી. આથી, વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના શુભ હસ્તે શ્રી એલ.બી. ધોળીયાનું મોમેન્ટો આપીને વિશેષ સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે લાઠીના વક્તા શ્રી નરેશભાઈ સાગર પણ ઉપસ્થિત રહ્યા હતા.

જાફરાબાદના પીપળીકાંઠામાં ૧૦ લાખ લીટર ટેન્કનું કામ પૂર્ણ થતા પાણીનો પ્રશ્ન કાયમી હલ

જાફરાબાદ:જાફરાબાદના પીપળીકાંઠા વિસ્તારમાં આવેલ ગુજરાત રાજ્યનું સૌથી મોટું બોમ્બે ડકનું બંદર આવેલ છે. જયાં ખારવા સમાજના લોકો વધુ પ્રમાણમાં વસવાટ કરે છે. તેમને પીવાના પાણીનો પ્રશ્ન ઘણા સમયથી મુશ્કેલ બની ગયેલ છે જે ધ્યાનમાં લઈ હિરાભાઈ સોલંકી તેમજ ભગુભાઈ સોલંકી દવારા નગરપાલીકાની ટર્મ પૂર્ણ થતા જ વહિવટદાર તરીકેની મામલતદારની નિમણૂંક દરમિયાન પીપળીકાંઠા વિસ્તારમાં કાયમી પાણીનો પ્રશ્ન નિરાકરણ થાય તે અર્થે ૧.૨૫ કરોડના ખર્ચે ૧૦ લાખ લિટરનો પાણી સંગ્રહ થઈ શકે તે માટે પાણીનો ટાકો મંજૂર કરાવેલ જેનું કામ પૂર્ણ થઈ ગયેલ છે.



નગરપાલીકાની ચૂંટણી બાદ જાફરાબાદ નગરપાલીકા પ્રમુખ રવિનાબેન પ્રફુલભાઈ બારૈયા, ચેરમેન કનૈયાલાલ સોલંકી, શાસકપક્ષ નેતા બાલકૃષ્ણ સોલંકી, સુરેશભાઈ સોલંકી ,ભરતભાઈ બારૈયા, ધર્મેશભાઈ સોલંકી, રાજેશભાઈ ભાલીયા, ગીતાબેન બારૈયા, સરસ્વતીબેન બારૈયા, હેતલબેન બારૈયા, મિતલબેન બારૈયા, દેવીબેન સોલંકી, મીનાબેન બારૈયા દ્વારા જેમ બને તેમ પીપળીકાંઠા વિસ્તારમાં લોકોને જલ્દીમાં—જલ્દી પાણી વિતરણ કરવા પ્રયાસ શરૂ કરાયા છે.સરકારની સ્વર્ણિમ જયંતી – મુખ્યમંત્રી શહેર વિકાસ યોજનામાંથી એક કરોડના ખર્ચે પાઈપ લાઈનનું કામ મંજુર કરાવેલ છે. જેમના ભાગ રૂપે ડિ.આઈ. પાઈપ પણ પીપળીકાંઠા વિસ્તારમાં આવી ગયેલ છે.જેમને ટૂંક સમયમાં જાફરાબાદ નગરપાલીકા દવારા પીપળીકાંઠા વિસ્તારમા જે લાંબા સમયથી પાણીનો પ્રશ્ન છે તેનું તાત્કાલીક નિરાકરણ લાવવા કામગીરી હાથ ધરવામાં આવશે.

આજે વસંત પંચમી:વાણીના અધિષ્ઠાત્રી દેવી સરસ્વતીજીનું પ્રથમ પૂજન શ્રી કૃષ્ણએ કર્યું હતું

ગુજરાતમાં સરસ્વતીજીનાં જૂજ મંદિરોમાંનું એક જૂનાગઢમાં આવેલું, આજે વસંત પંચમીએ વિશેષ પૂજન

જૂનાગઢ: આજે વસંત પંચમીની ઉજવણી થશે. આ દિવસે વાણીના દેવી સરસ્વતીજીનું પૂજન કરવામાં આવશે. દેવી ભાગવતના ઉલ્લેખ મુજબ સરસ્વતીજીનું પ્રથમ પૂજન ભગવાન શ્રીકૃષ્ણએ કર્યું હતું. સરસ્વતી દેવીનાં ગુજરાતમાં જૂજ મંદિરો છે, જેમાંનું એક જૂનાગઢમાં આવેલું છે. વસંત પંચમીએ વિદ્વાનો દ્વારા માં સરસ્વતીજીનું પૂજન કરવામાં આવશે.મહા સુદ પાંચમ- વસંત પંચમીના દિવસને ઋતુરાજ વસંતના આગમન તરીકે તેમજ માં સરસ્વતીજીના જન્મોત્સવ તરીકે ઉજવવામાં આવે છે. વિદ્યાર્થીઓ, કલાકારો, સંગીતકારો દ્વારા પોતપોતાનાં વાદ્યો તેમજ પુસ્તકોની પૂજા કરવામાં આવે છે. આ તહેવારમાં સમૃદ્ધિ, પ્રકાશ, ઉર્જાનાં પ્રતીક પીળા રંગને મહત્વનો માનવામાં આવે છે.

સરસ્વતી દેવીને વિદ્યા, હિન્દુ વિચાર તથા સંસ્કૃતિનો પાયો ગણવામાં આવે છે. શરૂઆતમાં નદી સ્વરૂપે પૂજા થઈ પરંતુ સમય જતા સરસ્વતી દેવી વિદ્યા, વાણી, પ્રજ્ઞાા અને કલાના અધિષ્ઠાત્રી દેવી બન્યા. સરસ્વતીજીના ઉલ્લેખ ઋગવેદ, યજુર્વેદ અને અથર્વવેદમાંથી મળે છે. અથર્વ વેદમાં તો જંતુઓનો નાશ કરવા માટે સરસ્વતીજીની પૂજા કરવામાં આવી છે. સરસ્વતીજીની ઉત્પતિ મહાલક્ષ્મીથી થયાનું માર્કંડેય પુરાણ કહે છે. વાણીના અધિષ્ઠાત્રી હોવાથી વાગ્વાદિની વાણી કહે છે. દેવી ભાગવતના ઉલ્લેખ મુજબ સરસ્વતીજીનું પ્રથમ પૂજન ભગવાન શ્રી કૃષ્ણએ કર્યું હતું.

સિધ્ધપુર ઉપરાંત જૂનાગઢના ભૂતનાથ મહાદેવની સામેની જગ્યામાં સરસ્વતીજીનું મંદિર આવેલું છે. જૂનાગઢના દિવાન અમરજી કુંવરજી નાણાવટીના પુત્ર દિવાન રણછોડજીએ ૧૮૨૧માં આ મંદિર બનાવ્યું હતું, જ્યાં ત્રણ ફૂટ ઉંચી સરસ્વતીજીની મૂર્તિ છે. રાજાશાહી સમયમાં આ સ્થળે અશ્વિન સુદ છઠ્ઠ, સાતમ અને આઠમના મેળો ભરાતો હતો અને માતાજીની રવાડી નીકળી હતી. આવતીકાલે વસંત પંચમના દિવસે માતાજીની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવશે.

૨૩ જાન્યુઆરી, "નેતાજી સુભાષચંદ્ર બોઝ જન્મજયંતી", "તુમ મુજે ખૂન દો મેં તુમ્હેં આઝાદી દુંગા" : સુભાષબાબુ

નેતાજી સુભાષચન્દ્ર બોઝનો જન્મ ૨૩ જાન્યુઆરી, ૧૮૯૭નાં રોજ ઓરિસ્સાનાં કટક શહેરમાં થયો હતો. તેમના પિતાનું નામ જાનકીનાથ બોઝ અને માતાનું નામ પ્રભાવતી હતું. જાનકીનાથ બોઝ કટક શહેરનાં પ્રખ્યાત વકીલ હતા. અંગ્રેજ સરકારે તેમને રાયબહાદુરનો ખિતાબ આપ્યો હતો. પ્રભાવતી અને જાનકીનાથ બોઝને કુલ ૧૪ સંતાનો હતાં, જેમા ૬ છોકરીઓ અને ૮ છોકરાઓ હતા. સુભાષચંદ્ર એમનું નવમું સંતાન અને પાંચમાં પુત્ર હતાં. સુભાષબાબુને પોતાના બધા ભાઈઓમાંથી સૌથી વધારે શરદચંદ્ર સાથે લગાવ હતો. શરદબાબૂ પ્રભાવતી અને જાનકીનાથના બીજા પુત્ર હતા. સુભાષ તેમને 'મેજદા' કહેતા હતા. શરદબાબૂની પત્નીનું નામ વિભાવતી હતું. બાળપણમાં સુભાષચંદ્ર બોઝ કટકમાં રેવેન્શૉ કૉલેજિએટ હાઈ સ્કૂલ નામની પાઠશાળામાં ભણતા હતાં. દેશ માટે મરી મીટવાની તેમની અંદરની ભાવના પાઠશાળાનાં દિવસોમાં જ તેમના શિક્ષક વેણીમાધવ દાસ દ્વારા ઉજાગર કરાઈ હતી. એમણે જ સુભાષચંદ્ર બોઝમાં રહેલ અંદરની સુપ્ત દેશભક્તિ જાગૃત કરી. ૨૫ વર્ષની ઉંમરે તેઓ ઘરેથી ભાગીને ગુરુની શોધમાં હિમાલય ચાલ્યા ગયા હતા પરંતુ ત્યારબાદ તેઓ સ્વામી વિવેકાનંદનું સાહિત્ય વાંચી તેમનાં શિષ્ય બની ગયા. તેમની દેશ માટેની લડતની શરૂઆત કોલેજકાળથી જ શરુ થઈ ગઈ હતી. કોલકાતાની પ્રેસિડેંસી કૉલેજનાં અંગ્રેજ પ્રાધ્યાપક ઓટેનનું ભારતીય વિદ્યાર્થીઓ સાથે વ્યવહાર ઠીક ન હતો. આ માટે સુભાષચંદ્ર બોઝનાં નેતૃત્વમાં મહાવિદ્યાલયમાં હડતાલ કરાઈ હતી. બોઝને ૧૯૨૧ માં ઈંગ્લેંડમાં તેઓ ભારતીય સિવિલ સેવાની

પરીક્ષામાં સફળ રહ્યાં પણ તેમણે અંગ્રેજ સરકારની સેવા કરવાનો ઈન્કાર કર્યો અને રાજીનામું આપી તેઓ પાછા ભારત આવી ગયાં. તેમણે ભારતનાં લોકોમાં "તુમ મુજે ખૂન દો મેં તુમ્હેં આઝાદી દુંગા" સૂત્ર આપીને ભારતનાં લોકોમાં આઝાદી માટેની ભૂખ અને જોશ જગાડ્યા હતા. ઘણા વર્ષો પહેલા હિટલરે "માઈન કામ્ફ" નામક પોતાનું આત્મચરિત્ર લખ્યું હતું . આ કિતાબમાં એમણે ભારત અને ભારતીય લોકોની બુરાઈ કરી હતી. આ વિષય પર સુભાષબાબૂએ હિટલર સમક્ષ પોતાની નારાઝગી વ્યક્ત કરી ત્યારે હિટલરે પોતાના કાર્ય પર માફી માંગી અને "માઈન કામ્ફ"ની આવનારી આવૃત્તીમાંથી એ પરિચ્છેદ કાઢી નાખવાનું વચન દીધું. એમને જર્મનીમાં 'ભારતીય સ્વતંત્રતા સંગઠન' અને 'આઝાદ હિંદ રેડિયો'ની સ્થાપના કરી. એ જ વખતે સુભાષબાબૂ, "નેતાજી" નામથી જાણીતા થયા. દ્વિતીય વિશ્વયુદ્ધ પછી ૧૮ ઓગસ્ટ, ૧૯૪૫ ના રોજ નેતાજી હવાઈ જહાજ થી માંચુરિયા તરફ જઈ રહ્યા હતા. આ સફર દરમિયાન તેઓ લાપતા થઈ ગયા ત્યારબાદ તેઓ કોઈ ને ક્યારેય નજર ન આવ્યા.

૨૩ ઓગસ્ટ, ૧૯૪૫ ના રોજ જાપાન ની 'દોમેઈ' ખબર સંસ્થાએ દુનિયાને ખબર આપી, કે ૧૮ અગસ્ત ૧૯૪૫નાં રોજ, નેતાજીનું હવાઈ જહાજ તાઈવાનની ભૂમિ પર દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયુ જેમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થતા નેતાજીને અસ્પતાલમાં લઈ જવાયા જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધો. દુર્ઘટનાગ્રસ્ત હવાઈ જહાજમાં નેતાજીની સાથે એમના સહકારી કર્નલ હબિબૂર રહમાન હતા. એમણે નેતાજીને બચાવવાનો પ્રયત્ન કર્યો , પણ તેઓ સફળ ન રહ્યા પછી નેતાજીની અસ્થીયોને જાપાનની રાજધાની ટોકિયોમાં રેનકોજી નામક બૌદ્ધ મંદિરમાં રાખવામાં આવી. હકીકતમાં ૧૮ ઓગસ્ટ, ૧૯૪૫નાં દિવસે નેતાજી ક્યાં લાપતા થઈ ગયા અને એમનું આગળ શું થયું આ ભારતનાં ઈતિહાસનો સૌથી મોટો અનુત્તરીત રહસ્ય બની ગયો છે. નેતાજીનું યોગદાન અને પ્રભાવ એટલો મહાન હતો કે એવું કહેવામાં આવે છે કે જો તે સમયે નેતાજી ભારતમાં હોત તો કદાચ ભારત એક સંઘ રાષ્ટ્ર બન્યુ હોત સ્વયં ગાંધીજીએ પણ આ વાતનો સ્વીકાર કર્યો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)